GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

# नैषधीयचरितम् મહાકાવ્યમાં રસ નિરુપણ

**મહેશકુમાર રયજીભાઈ મહેરા**

પી.એચડી. શોધકર્તા

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ.

મહાકવિ શ્રીહર્ષનુ કાવ્ય સંસ્કૃત સાહિત્યનુ એક અમૂલ્ય રત્ન છે. તેમનું કાવ્ય સહૃદયનાં મનને અનાયાસે હરણ કરી લે છે. તેમનું કાવ્ય " शृगारामृतशीतगौ | " છે. નૈષધીયચરિતનો મુખ્ય રસ શૃંગાર છે. વીર, કરુણ, હાસ્ય, અદ્ભુત વગેરે રસોનો પણ યોગ્ય પ્રયોગ થયો છે. શરૂઆતથી અંત સુધી આ કાવ્યમાં શૃંગારરસ મુખ્યરૂપમાં જોવા મળે છે. તેમાં શૃંગારરસનુ વર્ણન પરાકાષ્ટા પર પહોચી ગયું છે. પરંતુ કાલિદાસની રસભાવનામયી પદ્ધતિથી તેમની કોઈ તુલના કરવામાં આવતી નથી. કાલિદાસ નૈસર્ગિકતા તથા રસભાવના દ્યુતિમાન કવિ છે. તો શ્રીહર્ષ અલંકૃતશૈલીના શ્રેષ્ઠ કાવ્ય રચયિતા છે. શ્રીહર્ષ શૃંગાર કલાનો કવિ છે. પરંતુ તેમનું શૃંગાર વર્ણન કવિ હૃદયનુ સ્વાભાવિક ઉદગમ ન બનતાં વાત્સાયનનાં કામસૂત્ર પર આધારિત શાસ્ત્રીય વિવેચનની અપેક્ષા રાખે છે. નૈષધીયચરિતમાં વિભિન્ન રસોનો પ્રયોગ કવિએ વિભિન્ન અવસરો પર અત્યંત નિપૂર્ણતાથી કર્યો છે.

**શૃંગારરસ**

નૈષધમાં શૃંગારનાં વિપ્રલંબ તથા સંયોગ બંને પક્ષોનું સુંદર ચિત્રણ છે. પ્રારંભથી લઈને નળ–દમયંતી સ્વયંવર પહેલાં વિપ્રલંભ છે, ત્યારબાદ સંયોગ.

**વિપ્રલંભ શૃંગારરસ**

નૈષધનો વિયોગ પૂર્વરાગના રૂપમાં છે. શ્રીહર્ષ કાવ્યનું નામ નળચરિત રાખ્યું અને તેનો પ્રારંભ નળના રૂપ–ગુણ તથા વીરતા, પરાક્રમ, યશ વગેરેનુ વર્ણન કરતાં કર્યો છે. નળના જીવનમાં દમયંતીનુ આગમન ક્યાં થયું તે પ્રસંગને કવિએ અત્યંત નિપૂર્ણતાની સાથે ચિત્રિત કર્યું છે. ભારતીય પ્રેમ પરંપરા અનુસાર નાચિકાનું નાયકમાં અનુરાગ પહેલાં દર્શાવવામાં આવે છે નાયકનું નાચિકામાં પછી.

નળનો પરિચય આપતાં કવિએ તેમના ગુણોનું વર્ણન કરતાં અલૌકિક સૌન્દર્યનું વિસ્તૃત વર્ણન કર્યુ છે. ત્યારબાદ દિવ્ય સૌંદર્ય પ્રતિ સુંદરીયોની શું ભાવના હોય છે ? તેમનું વર્ણન કરતાં અત્યંત સ્વાભાવિકરૂપથી વિદર્ભ કુમારી દમયંતીનુ વર્ણન કર્યુ છે. આવી રીતે પહેલાં નળનું વર્ણન કર્યુ છે પરંતુ રતિ–ભાવનો ઉદગમ પહેલાં દમયંતીમાં દર્શાવ્યો છે. આ અનુરાગ નળના ગુણો સાભળવાથી ઉત્પન્ન થયો છે. જે પછીથી નળના ચિત્ર દર્શનથી વધે છે. અને ધીરે–ધીરે અત્યંત દ્રઢ થઈ જાય છે.

ચોથા સર્ગમાં નળ વિરહથી વ્યાકુળ દમયંતીની વ્યથાનું વર્ણન છે. આ વર્ણન તાપ, ચિંતા, નિઃશ્વાસ,અંતજવર, અશ્રુપાત, શંકા, વિરહ–પાંડુરતા, વિવશતા, વિરહની દુઃસહતા વગેરે શાસ્ત્રીય પરંપરા અનુસાર છે. નળ વિરહ તાપથી વ્યથિત દમયંતીની દશા સૂર્યના કિરણોથી પીડિત ચંદ્રકલાની જેવી થઇ રહી હતી. નળ વિયોગથી સંતપ્ત દમયંતી ઉન્માદની અવસ્થામાં પહોચી જાય છે અને ચંદ્ર તથા મદનને ઉપાલંભ આપે છે.

આવી રીતે કવિનો વિપ્રલંભ વર્ણન ચમત્કાર તો છે પરંતુ મસ્તિષ્કને શાંતિ આપે છે. હૃદયને નહિ. ચંદ્રોપાલંભ તથા મદનોપાલંભમાં રચેલી ઉક્તિઓ ચમત્કાર તથા નવીન કલ્પનાની અતિ ઊચી ઉડાન છે. પરંતુ તેમાં હૃદયને સ્પર્શ કરવાની ક્ષમતા બહુ ઓછી હોય છે. દમયંતીની આ ઉક્તિઓ ખરેખર ચમત્કારપૂર્ણ છે.કે જેમાં વિયોગી વધુઓને મારવાના અપરાધી ચંદ્રમા ફેરવીને આકાશથી કૃષ્ણ–કાળી રાત્રીરૂપી પત્થર પર પછાડતા જાય છે. જેનાથી તારારૂપી નાના–નાના ટુકડા આકાશમાં ઉડીને ચાલ્યા ગયા છે. પરંતુ દુઃખના સમયે એટલાં તર્ક–વિતર્ક અસ્વાભાવિક જેવા પ્રતીત થાય છે.

નળ–દમયંતીના પૂર્વરાગમાં સર્વત્ર તુલ્યાનુરાગ પ્રદર્શિત થાય છે. નળે પણ લોકોથી જ વિદર્ભ કુમારીના રુપ–ગુણોની પ્રસંસા સાંભળી છે. એક યુવા, અવિવાહિત, વીર, પ્રતાપી રાજાના હૃદયમાં અનુપમ સૌંદર્યશાલિની રાજકુમારીના પ્રતિ અનુરાગ થવો સ્વાભાવિક જ છે. નૈષધમાં નળના અનુરાગનું અત્યંત હૃદય સ્પર્શી વર્ણન છે. નળના ધૈર્ય–ભંગ, તપ, નિશ્વાસ વગેરેનું વર્ણન કર્યુ છે. પોતાનાં ચિન્હોને છુપાવવાની ઇચ્છાથી નળ ઉપવન–વિહાર માટે ચાલ્યા જાય છે. કવિએ નળના સ્વાભિમાન તથા મોટાપણું પણ તેમાં પ્રગટ

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

કર્યુ છે. કામ પીડિત હોવા છતાં પણ તેમને વિદર્ભ રાજા પાસેથી તેમની કન્યાની યાચના કરી નથી. માગવાથી મરવું એ શ્રેષ્ઠ છે તેમ સમજે છે.

નૈષધમાં વર્ણિત પ્રેમ સમાજના આદર્શભૂત નાયક–નાયિકાનો હોવાથી તે અત્યંત મર્યાદિત છે. કવિએ નાયક–નાયિકાના સામાજિક પ્રતિષ્ઠાનું ખૂબ ધ્યાન રાખ્યું છે. જ્યાં એક બાજુ દમયંતીની સતીત્વની પરીક્ષા થઇ જાય છે ત્યાં નળની ગંભીરતા તથા ઉદાત્તતા તેમના ચરિત્રને વધારે દેદીપ્યમાન બનાવે છે. આમ, આવી રીતે કવિએ અત્યંત ગંભીર તથા શાલીનતાથી નાયક–નાયિકાના વિપ્રલંભનુ વર્ણન કર્યુ છે.

**સંભોગ શૃંગાર**

નૈષધમાં સંયોગ તથા વિયોગ એ બંને પક્ષોનો ચરણોત્કર્ષ દર્શનીય છે. સંભોગ શૃંગારનો તેમણે વિસ્તૃત તથા વ્યાપક રીતે વર્ણન કર્યુ છે. નળ–દમયંતીના શૃંગારરસના સંભોગ પક્ષનો આરંભ સ્વયંવર–મંડપથી જ થઇ જાય છે. તથા વિવાહ પછીનો તેમનો અત્યંત સરળ તથા વિસ્તૃત વર્ણન દર્શનીય છે.

નૈષધના અઢારમાં સર્ગમાં નળ–દમયંતીના ઉલ્લાસ–વિલાસથી પરિપૂર્ણ છે. કવિએ નિઃસંકોચ ભાવથી નળ–દમયંતીની કામ–ક્રીડાઓનુ વર્ણન કર્યુ છે. જેમકે સુરતકાળમાં નળના વક્ષ–સ્થળ પર પણ લટકતી મોતીઓની માળા સુરત–શ્રમ–જન્ય, શ્વેત–બિંદુઓથી વક્ષ સ્થળ પર પ્રતિબિમ્બિત થવાથી દમયંતીના હૃદય પર પણ એક સુંદર આભૂષણ બની ગઈ. સુરતાવાસ્થા પછી રત–શ્રમના કારણે અચાનક દમયંતીના મુહુર્ત પર અર્ધખુલેલા તથા ચંચળ પુતળીયોવાળા નેત્રોના વારંવાર જોતાં નળને તૃપ્તિ ન થઇ.

દમયંતીની વિલાસ–ક્રીડાઓને જોઇને રતિ–કામ પણ મોહિત થઇ ગયા. અર્થાત વિલાસ ભવનમાં નળ–દમયંતીની એવી અલૌકિક, કામ–ક્રીડાઓ થઇ એવા અભૂતપૂર્વ વિલાસ થયા જ્યાં મહાકાવિઓ પણ કલ્પના કરવા માટે અસમર્થ હતા. મોટી–મોટી સ્વૈર વિહારીણી વિલાસીની રમણીઓની પણ જેનો અભ્યાસ ન હતો. અલૌકિક નૂતન તથા રમણીય વિલાસ.

કામશાસ્ત્ર પર આધારિત નારીનું પ્રથમ સંભોગ–સાધ્વસ, લજ્જાનું ભાવપૂર્ણ સંભોગક્રમ, રતિ–રુચિ તથા સંકોચ, નળ દ્વારા દમયંતીને આશ્વત કરીને કપોલ ચુંબનથી પૂર્વ, લલાટ ચુંબન, સ્તન સ્પર્શ, રશનાકલાપમોચનાર્થ, ખૂબ પ્રિયના હાથથી પ્રતિરોધ, ક્રમશઃ લજ્જા ત્યાગ તથા પ્રથમ સંભોગનો અનુભવ

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

કવિએ અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિથી ચિત્રણ કર્યો છે. આનદ–ઉલ્લાસની વિભિન્ન ક્રીડાઓ પછી ગાઢાલિંગનમાં બદ્ધ નિંદ્રા સુખમાં લીન નળ–દમયંતી એક પ્રાણ તથા હૃદય પ્રતીત થઈ રહ્યા છે.

નૈષધચરિતમાં શૃંગાર વગર બીજા અન્ય રસોનું પણ વર્ણન છે. જેમકે કરુણ, વીર, હાસ્ય, અદ્ભુત, રૌદ્ર, બિભત્સ અને ભયાનક તેમના વિષે ક્રમશઃ નીચે મુજબ છે.

**કરુણરસ**

કરુણરસનું વર્ણન નૈષધમાં પ્રથમ સર્ગમાં હંસ પ્રસંગમાં કરવામાં આવ્યું છે. નળ દ્વારા પકડવામાં આવેલાં હંસની ઉક્તિઓમાં કરુણરસની ધારા પ્રવાહિત થાય છે. હંસ વિલાપનો પ્રસંગ અહીં સંક્ષિપ્તમાં છે છતાં પણ તેટલો જ માર્મિક હૃદય સ્પર્શી તથા મનોવૈજ્ઞાનિક છે કે તે કરુણરસ અવિસ્મરણીય રચના માનવામાં આવી છે. નળના હાથરુપી પિંજરામાં બંધ હંસે જે શબ્દોમાંથી પોતાની વૃદ્ધ માતા, નવપ્રસુતા પત્ની તથા અસહાય બચ્ચોની નિરાશ્રયતાનુ કરુણ વર્ણન કર્યુ છે. જે વાચકોની આંખોમાં પાણી લાવી દે છે. તેના કરુણ–ક્રન્દનથી દ્રવીભૂત થઈને નળ તેને મુક્ત કરી દે છે.

**વીરરસ**

નૈષધમાં વીરરસનાં પ્રસંગોનુ પણ કઈ સ્થળો પર જોવા મળે છે. પરંતુ તે કરુણરસની સમાન હૃદયસ્પર્શી તથા પ્રભાવી નથી. તેમાં શ્રીહર્ષનાં પાંડિત્ય, શાસ્ત્રીય જ્ઞાનની જલક છે.

વીરરસનુ વર્ણન નળની યુદ્ધવીરતા–વિષયક પ્રસંગમાં છે. તે અપ્રતિમ, વીર, પ્રતાપી તથા શક્તિશાળી હતા. જેમની ઓજ તથા  કીર્તિની સમક્ષ સૂર્ય–ચંદ્રનુ તેજ પણ તુચ્છ લાગે છે.

આ ઉપરાંત સ્વયંવર પ્રસંગમાં રાજ–પરિચયનાં સમયે તેમની વીરતાનું જ્ઞાન કરવામાં આવ્યું છે. પરંતુ તેમાં શાસ્ત્રીયતાનું પાલન તથા કલ્પનાની ઊચી ઉડાન જ મુખ્ય છે. સ્વાભાવિક વીરભાવ, દાનવીર ભાવનાનાં કેટલાક પ્રસંગ છે. જેમકે હંસના કરુણ વિલાપ પર નળની દયા.

દાનવીરતાનાં પણ કેટલાય પ્રસંગ છે. કવિએ નૈષધ નરેશની દાનશીલાતાનું અત્યંત સુંદર વર્ણન કર્યુ છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

**હાસ્યરસ**

નૈષધમાં હાસ્યરસનું પણ સારી રીતે ચિત્રણ છે. વ્યંગ તથા વિનોદમાં આપણા કવિએ અન્ય કવિઓથી વધારે સચેષ્ટ છે. કલા દ્વારા વૈદિક– ધર્મના ખંડનમાં હાસ–પરિહાસના ચિત્ર, વારયાત્રીકોપ હાસ તથા સ્વયંવરમાં આવેલા રાજકુમારો તથા રાજાઓના વર્ણનથી વાઙ્મયનાં કારણે સજીવ થઇ ગયા છે. બધાથી સજીવ વ્યંગ્ય કલીની ઉક્તિઓમાં જોવા નડે છે. જ્યારે તેમાં ગંગા સ્નાન, ગૌ,બ્રાહ્મણ પૂજા, પુનઃજન્મ તથા સ્વર્ગ વગેરેનો ઉપહાસ કર્યો છે.

**અદ્ભુતરસ**

નૈષધમાં અદ્ભુતરસનું પણ ચિત્રણ કર્યુ છે. પ્રથમ સર્ગમાં હંસને જોઇને નળના મનમાં જે વિસ્મય ભાવ ઉત્પન્ન થાય છે. તેનાથી પ્રિયા–વિયોગથી જુદા હોવા છતાં પણ તેમના મનમાં એક અનોખો હર્ષની અનુભૂતિ થતાં લાગે છે. સોનાનો હંસ કયારેય જોયો નથી. રાજા વડે હંસની પ્રસંશામાં કહેવામાં આવ્યું તે ઉક્તિ અનેક આશ્ચર્યને અભિવ્યક્ત કરે છે. હંસની માનવવાણીને સાભળીને નળનુ આશ્ચર્ય વધી જાય છે.

આવી જ રીતે હંસના કુંડીનપુર સ્થિત દમયંતીનાં ક્રીડા ભવનમાં અચાનક પહોચતાં દમયંતીની સખીઓની આંખો હંસના પ્રતિ તેવી જ રીતે આકૃષ્ટ થઇ જેવી રીતે વ્રતધારી યોગીઓનું ચિત્ત સમસ્ત સંસારિક વિષયનો ત્યાગ કરી અવર્ણનીય બ્રહ્મ સ્વરૂપમાં વ્યસ્ત રહે છે.

સ્વયંવરમાં પણ પરિચયના સમય વખતે અદ્ભુતરસનુ ચિત્રણ કર્યુ છે. તુલ્યાકૃતિવાળા પાંચ નળોને જોઇને દમયંતીના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. ભ્રમ તથા સંદેહનાં કારણે તે વાસ્તવિક નળનો નિશ્ચય કરી શકતી નથી.

અંતમાં દેવો દ્વારા નળરૂપનો ત્યાગ કરી પોતાનાં વાસ્તવિક રૂપ ધારણ કરતાં સમયે તથા દેવી સરસ્વતી દ્વારા પોતાનાં વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કરતાં સમયે સભામાં અદ્ભુત રસની અભિવ્યક્તિ થાય છે. વિસ્મયની સાથે બધા ભાવ પોતાનાં ઉત્કર્ષ પર પહોચી જાય છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 1
Issue: 2
November-December-2024

**રૌદ્રરસ**

સત્તરમાં સર્ગમાં દેવ–કલિ સંવાદમાં રૌદ્રરસની અભિવ્યક્તિ થઇ છે. ચર્વાકના ક્રોધ પૂર્ણ વચન ઇન્દ્રમાં રૌદ્રભાવ ઉત્પન્ન કરી દેતા હોય છે. અને તે ઉચા સ્વરમાં બોલી ઉઠે છે. આ કોણ છે જે આ પ્રકારે ધર્મના રહસ્યો પર આઘાત કરી રહ્યા છે. ત્રણેય લોકોને કર્તવ્યનો ઉપદેશ આપવાના કારણે વેદ તેમનું ત્રીજું નેત્ર છે. આ પ્રકારે વેદાનુકૂળ આચરણ કરવાવાળા વિશ્વનો હું પોતે ઇન્દ્ર શાસન કરું છું. આજે આ ઇન્દ્રનાં રહેતા કોઈ એવો દુરસાહસી છે જે આવી ધર્મ વિરુદ્ધ વાણીથી બોલી રહ્યા છે.

**બિભત્સ રસ**

ધ્વનીકાર આનંદવર્ધનાચાર્યએ બાધ્ય–બાધક ભાવથી શૃંગાર–બિભત્સમાં વિરોધી માન્યા છે. અંતઃ નૈષધમાં બિભત્સનુ વર્ણન નામમાત્રથી જ છે. પ્રિયાના વિરહથી વ્યાકુળ નળના મનમાં ઉપવનની સુંદર વસ્તુઓનાં પ્રતિ પણ જુગુપ્સાની ભાવના થાય છે. જેનાથી તેમની વ્યાકુળતા તથા અધીરતા વધી રહી છે. ખિલેલું લાલ પલાશ માંસભક્ષી લાગી રહ્યું છે. ચંપ–કલીકાઓ બલી દિપીકાઓની સમાન પ્રતીત થઇ રહી છે. જુલતી લતા તેમણે બીવડાવતી લાગી રહી છે.

**ભયાનકરસ**

નૈષધમાં કેટલાક સ્થાનો પર ભયાનકરસનું પણ વર્ણન કર્યું છે. સ્વયંવર સભામાં નાગરાજ વાસુકીને જોતાં દમયંતી ભયથી કોપી ઉઠે છે. કલિંગનાં રાજાનું વર્ણન કરતાં દેવી સરસ્વતી કહે છે કે તેમના શત્રુએ નગરવાસીઓની વાણીથી આ કલિંગાધિપતિ આવી ગયા. આ સાભળીને ભાગ્યા અને વનમાં ચાલ્યા ગયા. પણ શુકગણોના મુખેથી કલિંગ નરેશ આવી ગયા આ સાંભળી ભયથી કાપવા લાગ્યા.

આમ, આવી રીતે નૈષધિયચરિતમાં મહાકવિ શ્રીહર્ષે વિભિન્ન રસોનું અવસરોનુંસાર યથાયોગ્ય વર્ણન કર્યુ છે. બધા સહાયક રસ અંગીભૂત શૃંગારરસનાં જ પોષણમાં સહાયક છે. તથા કાવ્યના સૌંદર્યમાં અતિશય વૃદ્ધિ કરે છે. શ્રીહર્ષની આ ઉક્તિ હમેશાં સત્ય છે. " નૈષધ વિભિન્ન રસધારાઓનો સાગર છે."

**સંદર્ભસૂચિ**

1. શ્રીહર્ષ, નૈષધીયચરિત મહાકાવ્ય
2. ભરતમુનિ, નાટ્યશાસ્ત્ર
3. આચાર્ય વિશ્વનાથ, સાહિત્યદર્પણ